# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**વંચાણમાં:** **(૦૧)** ગુજરાત સરકારશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. ગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક-૨, તા.૦૭/૦૬/૨૦૧૯.

**(૦૨)** રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: કૃયુકા/હિસાબી/૩૦૮/૨૦૨૨. તા.૨૭/૦૪/૨૦૨૨.

**(૦૩)** ગુજરાત સરકારશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક નં. ગકવ/૧૬૨૦૧૯-૧૭૮૩/ક-૨, તા.૨૧/૦૭/૨૦૨૨.

**(૦૪)** કુલસચિવશ્રી, નકૃયુ, નવસારીના પત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/૨૭/પીએસાર/૭૦૮૪/૨૦૨૨. તા.૨૧/૦૭/૨૦૨૨.

**(૦૫)** તા. ૨૫/૦૭/૨૦૨૨ ના રોજ માન. કુલપતિશ્રીની મળેલ મંજૂરી.

**(૦૬)** અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જા.નં. નકૃયુ/હિનિ/બજેટ/૪૭૦૧/૨૦૨૨, તા. ૨૬ -૦૭-૨૦૨૨

**(૦૭)** **ICAR, New Delhi** દ્વારા આયોજીત તા. ૦૯/૦૧/૨૦૨૪ અને તા. ૧૭/૦૧/૨૦૨૪ના રોજની વર્ચુઅલ મીટીંગ.

**(૦૮)** તા. ૧૯/૦૧/૨૦૨૪ ના રોજ માન. કુલપતિશ્રીની મળેલ મંજૂરી.

## પરિપત્ર

**શૈક્ષણિક સંવર્ગોના કર્મચારીઓને સાતમા પગારપંચના પગાર તફાવતની ICAR હિસ્સાની ૫૦% રકમ ચુકવવા માટેના બીલો ચકાસણી અર્થે રજુ કરવા બાબત.**

અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના સંદર્ભિત **ઠરાવ ક્રમાંક–૧** થી રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિસદના શૈક્ષણિક સંવર્ગોને કેન્દ્રીય સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. જે અન્વયે રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિસદના પત્ર **ક્રમાંક–૨** થી ગુજરાત સરકારશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરને રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિસદના શૈક્ષણિક સંવર્ગોના કર્મચારીઓના સાતમા પગારપંચના પગાર તફાવતની રકમની ચુકવણી કરવા અર્થે સંયુક્ત રજૂઆત કરવામાં આવેલ હતી. સદર રજૂઆતને ધ્યાને રાખી ગુજરાત રાજ્ય સરકારશ્રીના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા વંચાણે લીધેલ ઠરાવ **ક્રમાંક –૩** થી સદર તફાવતની **૫૦% રકમ રાજ્ય સરકારના ફાળેથી** ચુકવણી કરવા તેમજ બાકીની **૫૦% રકમ કેન્દ્ર સરકારના (ICAR) હિસ્સાની રકમ** ICAR તરફથી ગ્રાન્ટ મેળવી ચૂકવણા કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હતી. આ બાબતની અમલવારી **ક્રમાંક –૫** થી અત્રેની યુનિવર્સિટીના **માન.કુલપતિશ્રી** ની મંજૂરી મેળવી શૈક્ષણિક સંવર્ગોના કર્મચારીઓને **૫૦% તફાવતની રકમ રાજ્ય સરકારના ફાળેથી** ચુકવણી **ક્રમાંક –૬** ની વિગતે કરવામાં આવેલ છે. બાકીની રકમના ચૂકવણા સંદર્ભે **ક્રમાંક –૭** થી મળેલ સુચના અને થયેલ ઓનલાઈન ચર્ચા મુજબ **કેન્દ્ર સરકારના (ICAR) હિસ્સાની ૫૦% રકમ** ICAR તરફથી મળ્યેથી ઝડપી ચુકવણું કરવામાં સરળતા રહે તે અર્થે અત્રેની કચેરીના તિજોરી વિભાગમાં બીલો રજૂ કરવા **ક્રમાંક–૮** થી **માન.કુલપતિશ્રી** ની મંજૂરી મળેલ છે. તો નીચેની વિગતો ધ્યાને રાખી સદર તફાવત બીલો રજુ કરવા જણાવવામાં આવે છે.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

**શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના સાતમા પગારપંચના ICAR હિસ્સાના પગાર તફાવતના ૫૦%ના બીલો રજુ કરવા માટે ધ્યાને રાખવાના મુદ્દા :- (તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૯ (૩૯-માસ))**

(૦૧) સદર તફાવતના બીલો ફક્ત ઓનલાઈન માધ્યમ **(URP સોફ્ટવેર)** દ્વારા જરૂરી આધારો સામેલ રાખી મોકલાવવાના રહેશે.

(૦૨) સદર તફાવતની રકમના બીલનો ખર્ચ બજેટ સદર (**DDO** નંબર)/**02800/7TA** હેઠળ ઉંગવવાનો રહેશે.

(૦૩) સદર તફાવતના બીલો ઉક્ત બજેટ સદરે માયનસ ગ્રાન્ટમાં પાસ કરવામાં આવશે. જેથી માઈનસ ગ્રાન્ટમાં બીલો રજુ કરવાના રહેશે. તફાવત બીલો પાસ થયેથી આ **સાથે સામેલ નમુના મુજબની માહિતીઓ** ભરી અત્રેની કચેરીને જાણ કરી ગ્રાન્ટના હુકમો મેળવી માઈનસ ગ્રાન્ટ સરભર કરાવી લેવાનું રહેશે.

(૦૩) ગુજરાત સરકારશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના સંદર્ભિત **ઠરાવ ક્રમાંક-૧** ના **અનુક્રમ નં-૬ (શરતો)** ની તમામ વિગતો ધ્યાને રાખી તફાવત બીલો રજુ કરવાના રહેશે.

(૦૪) જે કર્મચારીને સદર સમયગાળા દરમિયાનનું સાતમાં પગારપંચનો તફાવત મળવાપાત્ર છે તેમના **7th Pay**ના સંપૂર્ણ **IFMS** ઓર્ડર અને **ઓડીટ માન્ય આધાર (સ્ટીકર)** ઓનલાઈન ફરજીયાત સામેલ રાખવાના રહેશે. જે કર્મચારીઓના સાતમા પગાર પંચના **STICKER** બાકી હશે તેઓનું ચુંકવણું કરવાનું રહેશે નહિં. જેમના રાજ્ય સરકારના ફાળાના કરેલ ચુંકવણાંના બીલમાં **STICKER** જોડેલ ન હતા કે બાકી હતા તેમના કેન્દ્ર સરકારના (**ICAR**) હિસ્સાની 50% રકમના ચુકવણાંના બીલમાં **STICKER** ફરજીયાત જોડવાના રહેશે.

(૦૫) જે કર્મચારીઓના પગાર સુધારા થયા છે કે અગાઉં રાજય સરકારના ફાળા 50% ચુંકવેલ રકમ બાદ બઢતી, ઉચ્ચત્તર કે અન્ય લાભ દ્વારા પગારમાં ફેરફાર કરવામાં આવેલ હોય, તે કર્મચારીના અગાઉં ચુકવેલ રાજય સરકારના ફાળાની 50% રકમના તફાવત પત્રક, અગાઉંના ચુકવણાં મુજબનો છઠ્ઠા પગાર પંચના **IFMS ORDER**, સાતમા પગાર પંચના **IFMS ORDER** તથા **STICKER** અને ચુકવણાં બાદ થયેલ ફેરફારનો કાર્યાલય આદેશ, રીકવરી સ્ટેટ્મેંટ અથવા નવા સુધારેલ તફાવત પત્રક, નવા છઠ્ઠા પગાર પંચના **IFMS ORDER** તથા નવા સાતમા પગાર પંચના **IFMS ORDER** અને **STICKER** ફરજીયાત જોડવાના રહેશે. જેની નોંધ નવા તફાવત પત્રકમાં વિગતવાર સ્પષ્ટ કરવાની રહેશે.

(૦૬) ઉપરોક્ત સમયગાળા દરમ્યાન બઢતી, ઉચ્ચતર કે અન્ય લાભ દ્વારા પગારમાં ફેરફાર થયેલ હોય તો તેને સંલગ્ન તમામ આધારો ઓનલાઈન સામેલ રાખવાના રહેશે. તેમજ સદર સમયગાળા દર્મ્યાન કોઈ કર્મચારીએ બિનપગારી કે અર્ધપગારી રાજા ભોગવેલ હોય તો તે અંગેના કાર્યાલય આદેશ તેમજ હાજર રીપોર્ટ ફરજીયાત ઓનલાઈન બીલ સાથે સામેલ રાખવાના રહેશે.

(૦૭) યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓને **KVK** અને **AICRP** ની ફંડિંગ એજન્સી દ્વારા અગાઉ **7th Pay** એરીયર્સનું ચુકવણું કરી દેવામાં આવેલ હોય તેઓનો સમાવેશ સદર ચુકવણામાં કરવાનો રહેશે નહીં તેમજ આ સિવાય અન્ય કોઈ ફંડિંગ એજન્સી દ્વારા સદર એરીયર્સનું ચુકવણું કરવામાં આવેલ હોય તો આવા તફાવતના બીલો પણ રજુ કરવાના રહેશે નહીં. તેમ છતાં જો ચુકવણા અંગે કાર્યવાહી કરવામાં આવે તો તેની સંપૂણ જવાબદારી જે તે કચેરીના બીલ બનાવનાર કર્મચારી તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીની રહશે.

(૦૮) શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સદર સમયગાળા દરમિયાનનું મળવાપાત્ર સાતમાં પગારપંચના તફાવતના બીલ માંથી નિયમોનુસાર કરવાની થતી કપાતો જેવી કે **એન.પી.એસ.**, **ઇન્કમ ટેક્ષ કે અન્ય કપાત** કરી અત્રેની યુનિવર્સિટીની પ્રથા પ્રમાણે જરૂરી બીડાણો (સ્ટેટમેન્ટ) ઓનલાઈન સામેલ રાખવાના રહેશે. તેમજ સદર તફાવત બીલના ચૂકવાણા કર્મચારીઓને થયા બાદ જ જે તે નાણાંકીય વર્ષના આવકવેરા ડિકલેરેશન ફોર્મમાં આવકની ગણતરી ધ્યાને લેવાની રહેશે.

(૦૯) શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સદર સમયગાળા કરતા ઓછા સમયગાળાની આકારણી કરવામાં આવેલ હોય તો તેના સંપૂર્ણ આધાર ઓનલાઈન સામેલ રાખવાનું રહેશે.

(૧૦) શૈક્ષણિક સંવર્ગના જે કર્મચારીઓનો રેગ્યુગર પગાર **માહે જાન્યુઆરી-૨૦૨૪** માં જે કચેરી દ્વારા ચુકવણું કરવામાં આવનાર હોય તેઓના તફાવત બીલ તે જ કચેરી દ્વારા રજુ કરવાના રહશે.

(૧૧) નિવૃત્ત થયેલ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીને તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૯ (૩૯-માસ) દરમ્યાનનું રેગ્યુલર કર્મચારી તરીકે તફાવત બીલ બનાવી ચુકવણું કરવાનું થતું હોય તો એવા કેસ માં આવા કર્મચારીનું એરીયર્સ બીલ જે કચેરીએ થી કર્મચારી નિવૃત્ત થયેલ છે એ કચેરીએ બીલ રજુ કરવાનું રહેશે.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

(૧૨) સદર તફાવત બીલમાં દર્શાવેલ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને **7th Pay** એરીયર્સનું ૫૦% રકમ રાજ્ય સરકારના હિસ્સા સિવાય અન્ય કોઈ ચુકવણું આ અગાઉ કરવામાં આવેલ નથી એ બાબતનું પ્રમાણપત્ર તેમજ તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધી ફરજ બજાવેલ હોઈ તેમજ નિવૃત્ત થયેલ હોય તેવા તમામ કર્મચારીઓની વિગતો જે તે કચેરીના રેકોર્ડ તથા સેવાપોથી સાથે ખરાઈ (જેવી કે બિનપગારી રજા વિગેરે) કરી બરાબર માલુમ પડેલ તે સબબનું પ્રમાણપત્ર ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ અલગથી ઓનલાઈન સામેલ રાખવાનું રહેશે. આ અગાઉં ચુકવણું થઇ ગયેલ સાતમા પગાર પંચના તફાવતનાં રાજ્ય સરકારના ફાળા 50% રકમના બીલના પાસ થયેલ વાઉચર નંબર અને તારીખ પ્રમાણપત્રમાં ફરજીયાત લખવાનાં રહેશે.

(૧૩) આ અગાઉં ચુકવેલ રાજ્ય સરકારના ફાળા 50% રકમના સાતમા પગાર પંચના એરીયર્સની નોંધ જે તે કર્મચારીની સેવાપોથીમાં કરેલ છે. જે અંગેનું પ્રમાણપત્ર ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓએ ફરજીયાત આપવાનું રહેશે. કેન્દ્ર સરકારના **(ICAR)** હિસ્સાની 50% રકમના ચુકવણાં તફાવત બીલનું ચુકવણું થયેથી જે તે શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓની સેવાપોથીમાં **7th Pay** એરીયર્સના ચૂકવણા થયાની નોંધ અવશ્યપણે કરવાની રહેશે.

(૧૪) અત્રેની યુનિવર્સિટી ખાતે ફરજ બજાવેલ અને હાલ કામધેનું યુનિવર્સિટી ખાતે તબદીલ થયેલ શૈક્ષણિક સંવર્ગોના કર્મચારીઓને અગાઉં રાજ્ય સરકારના ફાળા 50% ચુંકવેલ રકમના તફાવત પત્રક મુજબ જ બાકી રહેલ કેન્દ્ર સરકારના **(ICAR)** હિસ્સાની 50% રકમનું ચુકવણું કરવામાં આવશે. જેથી નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની અને કામધેનું યુનિવર્સિટી ખાતે તબદીલ થયેલ કચેરીઓ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી; ફીશરીઝ કોલેજ, નવસારી અને પશુ સંશોધન કેન્દ્ર, નવસારીએ તે મુજબનું જ તફાવત બીલ બનાવી રજુ કરવાનું રહેશે.

(૧૫) હાલ કામધેનું યુનિવર્સિટી હસ્તકની કચેરીઓ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી; ફીશરીઝ કોલેજ, નવસારી અને પશુ સંશોધન કેન્દ્ર, નવસારી જયારે નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તક કાર્યરત હતી તે સમયગાળા દરમ્યાન આ કચેરીઓ ખાતેથી રાજીનામું આપી યુનિવર્સિટી છોડી ગયા હોય, ચાલુ નોકરીએ અવસાન પામ્યા હોય, સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય અને વયનિવૃત્તિથી વિવૃત્ત થયેલ અને નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતેથી પેન્શન મેળવતા પેન્શનરને રેગ્યુલર કર્મચારી તરીકેનું અગાઉં રાજય સરકારના ફાળા 50% ચુંકવેલ રકમના તફાવત પત્રક મુજબ જ બાકી રહેલ કેન્દ્ર સરકારના **(ICAR)** હિસ્સાની 50% રકમનું ચુકવણું કરવામાં આવશે.

**નોંધ:- ઉક્ત તફાવતના બીલો દરેક કચેરીએ તા.૨૫/૦૧/૨૦૨૪ સુધીમાં કચેરી પ્રમાણે દરેક કર્મચારીઓના એકીસાથે બીલ રજૂ કરવાના રહેશે, પાર્ટલી બીલ સ્વીકાર્ય રહેશે નહીં. શૈક્ષણિક સંવર્ગોના કર્મચારીઓને સાતમા પગારપંચના પગાર તફાવતની ICAR હિસ્સાની ૫૦% રકમની ચુકવણી ICAR તરફથી ગ્રાન્ટ મેળવી ચુકવવામાં આવશે જેની ખાસ નોંધ લેવું. સદરહું પરિપત્ર માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે.**

**જા.નં. નકૃયુ/હિનિ/બજેટ/બી-૨/૩૮૨/૨૦૨૪**
**નવસારી, તા. ૧૯/૦૧/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ જયભારત સાથ રવાના (e-પરિપત્ર વ્દારા ) :-**

(૦૧) સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ સારુ઼.
(૦૨) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ઼.
(૦૩) કુલસચિવશ્રી, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગર તરફ જાણ સારુ઼.
(૦૪) હિસાબ નિયામકશ્રી, કામધેનું યુનિવર્સિટી, ગાંધીનગર તરફ જાણ સારુ઼.
(૦૩) આ યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ અને નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૦૪) નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની અને કામધેનું યુનિવર્સિટી ખાતે તબદીલ થયેલ કચેરીઓ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નવસારી; ફીશરીઝ કોલેજ, નવસારી અને પશુ સંશોધ કેન્દ્ર, નવસારીના વડાશ્રીઓ અને નાણાં ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
(૦૪) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ઼.

**નકલ રવાના (e-પરિપત્ર વ્દારા ) :-**

વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.